# આંગિકમ્

आङ्गिकम् भुवनम् यस्य् वाचिकम् सर्ववाङ्ग मयम्। आहार्यं चंद्रतारादि तं नुमः सात्विकम् शिवम्॥



છ વરસથી સતત સફળ નાટકો આપનારી લોકપ્રિય જોડી છે ફિરોઝ ભગત, અપરા મહેતાની. બાલીવાલાના નવા નાટકથી આ જોડી ફરી દર્શકોનાં દિલ જીતી લેવા સજ્જ છે અને એ પણ હસતા-રમતા વિષય સાથે



## મસ્તીમાં મેરેજ....: જુદા સંબંધની સુગંધી વાત

**ઓન ધ સેટ્સ**

■ સંજય શાહ

**બાલીવાલા** થિયેટર્સની પરંપરા સફળ નાટકોની રહી છે. કેટલાંય વરસોથી આ બેનરમાં બનતાં નાટકો લોકોના ટેસ્ટને અને માર્કેટના ટ્રેન્ડને બરાબર નિભાવતાં રહ્યાં છે. આ રવિવારે દિગ્દર્શક ફિરોઝ ભગત અને લેખક પ્રવીણ સોલંકી વધુ એક નવું નાટક લઈને આવી રહ્યાં છે. મસ્તીમાં મેરેજ મેરેજમાં મસ્તી નામના આ નાટકની કથાવસ્તુ સાવ જુદી છે. નિર્માતા આદિલ ભગત, વસંત પંડયાનું આ નાટક લિવ-ઈન રિલેશનશિપની વાત લાવ્યું છે. ફિરોઝ ભગતને આ નાટકને સાકાર કરવામાં ધર્મેશ મહેતાનો સાથ મળ્યો છે. ખુશાલી જરીવાલાના કોન્સેપ્ટ પર આધારિત આ નાટકમાં ફિરોઝ-અપરાની જોડી સાથે સોહિલ વિરાણી પણ મહેમાન કલાકાર તરીકે દેખાશે. આવો, નાટકના કલાકાર-કસબીઓ સાથે વાત કરીએ અને નાટકની વધુ વિગતો જાણીએ.

**ફિરોઝ ભગત (અભિનેતા-દિગ્દર્શક):** મસ્તીમાં મેરેજ...માં અમે જુદા જ વિષયને સ્પર્શવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. નાટકની રજૂઆત હસ્તી-રમતી સ્ટાઈલમાં કરી છે. નાટકનું ટાઈટલ એટલા માટે આવું જુદું રાખ્યું છે કેમ કે દર્શકોને નાટ્યગૃહ સુધી આકર્ષવા માટે તો રમતિયાળ ટાઈટલ જ જોઈએ. છેલ્લાં છ વરસથી મારી અને અપરા મહેતાની જોડીએ સતત સફળ નાટકો આપ્યાં છે. હું જાણું છું કે અમારી પાસેથી લોકોની અપેક્ષા ખૂબ વધારે છે અને દિગ્દર્શક તરીકે એ અપેક્ષા સંતોષવા હું સતત પ્રયોગશીલ રહું છું. વારંવાર મારાથી અધૂરા તોય મધુરા બની શકે નહીં, પણ હા, અમારું નાટક જોનારા દર્શકોને પૂર્ણ મનોરંજન મળે એની તકેદારી હું રાખું જ છું. મસ્તીમાં..... પણ દર્શકોને ખુશ કરવાની ચેલેન્જ સ્વીકારીને જ બનાવ્યું છે. બસ, હવે દર્શકો નક્કી કરે અને મનોરંજન મેળવે.

**ખુશાલી જરીવાલા (અભિનેત્રી):** વરસો પહેલાં આ કોન્સેપ્ટની મમ્મી, પપ્પા (દર્શન જરીવાલા) અને મારી ચર્ચા થઈ હતી. ત્યારે હું બાર-તેર વરસની હોઈશ. વાત એવા એક પિતાની હતી જે એની દીકરીના બાયોલોજિકલ પિતા ન હોય. ગયા વરસે ફરી મારી અને મમ્મી વચ્ચે ચર્ચા થઈ અને મમ્મીએ મને કહ્યું કે આ વિષયને ડેવલપ કર. પછી એમની મદદ લઈ, ચર્ચા આગળ વધારી અને નવી વાતો ઉમેરી ફાઈનલી આ વિષય તૈયાર કર્યો. નાટકમાં હું અનેરીનું પાત્ર ભજવું છું. મને ખુશી છે કે પહેલાં નાટકમાં પણ મને સશક્ત પાત્ર ભજવવા મળ્યું અને આ નાટકમાં પણ જો કે મસ્તીમાં... મારું પાત્ર વધુ પડકારજનક એટલે છે કેમ કે એમાં શેટ્સ વધુ છે અને અભિનેત્રી તરીકે મારે ખૂબ વધુ એનર્જી કામે લગાડવી પડી છે. નાટકનો વિષય થોડો અઘરો છે, પણ ફિરોઝભાઈએ એને લોકભોગ્ય શૈલીમાં રજૂ કર્યો છે. દિગ્દર્શક તરીકે તેઓ અસાધારણ છે. હવે એટલી આશા છે કે પ્રેક્ષકોને આ નાટક માણવાની મજા આવશે.

**અપરા મહેતા (અભિનેત્રી):** ઘણાં વરસોથી મેં એવાં નાટકો નથી જ કર્યાં. જે ચીલાચાલુ હોય. અભિનેત્રી તરીકે મને માઈન્ડલેસ નાટકો કે નાટકો માટે એવી કોમેડી કરવી નથી ગમતી. મસ્તીમાં.... એક એવું જ ખાસ નાટક છે જેમાં પિતા, દીકરી અને માતાના સંબંધની સાવ જુદી રજૂઆત છે. ફિરોઝભાઈ સાથે છ વરસ દરમિયાન સંબંધને જુદા પરિપ્રેક્ષ્યમાં રજૂ કરતાં પાત્રો ભજવવામાં મને સફળતા મળી છે. અમે જુદી જુદી વયજૂથ પણ નાટકોમાં જીવી છે.

વળી નાટકમાં મારું અને ફિરોઝભાઈનું પાત્ર સામાજિક રીતે સફળ છે. તમે સફળ હોવ ત્યારે લોકો તમને સવાલ નથી કરતા એવો ચોટદાર સંવાદ પણ આ નાટકમાં છે. નાટકમાં વિષય ગંભીર હોવા છતાં એની માવજત એવી મનોરંજક છે કે લોકો એને માણશે. સાથે જ દીકરીનું પાત્ર પણ સશક્ત છે. હું પદ્મિનીનું પાત્ર ભજવું છું. એકદમ સાંપ્રત મુદ્દો આ નાટકમાં સ્પર્શવામાં આવ્યો છે. દર્શકોને એટલે જ આ નાટક બધી જ દૃષ્ટિએ આગવું અને આજનું લાગશે.

**પ્રવીણ સોલંકી (લેખક):** સાસુ-વહુના વિષયથી દૂર જઈને આ નાટકમાં અમે ખરેખર અલગ કશુંક આપવાનો પ્રયત્ન કર્યો છે. એક સફળ અભિનેત્રીના જીવનમાં આવતા સંબંધોના ઉતાર-ચડાવની આમાં રજૂઆત છે. પિતા અને દીકરીની વાત પણ એમાં છે. લિવ-ઈન રિલેશનશિપ એ આજનો સતત ચર્ચાતો મુદ્દો છે. નાટકમાં એવા જ સંબંધની વાત છે.

મેરેજની પવિત્રતા સાથે માનવીય સંબંધોની ઊંચાઈ આ નાટકમાં રજૂ થાય છે. સાથે જ અત્યારના નાટકોમાં હોય એવી કોમેડીથી જરાક હટ કે એવી રમૂજ આ નાટકમાં દર્શાવી છે. મતલબ કે સંવાદ ઉપરછલ્લી દૃષ્ટિએ રમૂજી લાગે છતાં એમાં અસર હોય અને નાટ્યતત્ત્વ જળવાઈ રહ્યું હોય એ આ નાટકની ખાસિયત છે. જન્મદાતા એક અને પાલનહાર બીજા એવી આપણી પૌરાણિક વાતને આમાં મોડર્ન સ્વરૂપમાં રજૂ કરી છે. લોકોને આ નાટક એટલે પણ ગમશે કે એનો વિષય જ મૂળે અસરકારક છે. ટીમવર્કે આ નાટકને સર્વાંગી રીતે મનોરંજક બનાવ્યું છે. ■




